Municipal School Board
Muncipal Corporation, Bhavnagar.
Near old R.T.O. office,
Navapara, Bhavnagar
Phone & Fax : (0278) 2515646

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગર પાલિકા ભાવનગર
જુની આર.ટી.ઓ. ઓફિસ
પાસે,નવાપરા–ભાવનગર
ફોન અને ફેકસ નં. (૦૨૭૮)૨૫૧૫૬૪૬

ક્રમાંક:એસ્ટા/ જિ.ફે.બ.કેમ્પ/૭/૨૦૨૩-૨૪/ જા.નં.-૪૧૨ તા.૨૧/૦૭/૨૦૨૩

પ્રતિ,
(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ (તમામ)
(૨) શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (તમામ)

વિષય – જિલ્લા ફેર બદલી કેમ્પ -૨૦૨૩ આયોજન અને યાદી જાહેર કરવા બાબત.

સંદર્ભ – (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં.ક્રઃપીઆરઇ-૧૧૨૦૧૨-૬૨૧૦૬૫/ક,(ભાગ-૧) તા.૧૧/૫/૨૦૨૩.
(૨) પ્રા.શિ.નિ. કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૪૯૧૩-૪૯૬૫ તા.૨૮/૬/૨૦૨૩.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-(૧)ના ઠરાવથી સરકારશ્રી દ્વારા પ્રા./ઉચ્ચ પ્રા. શાળાના શિક્ષકો/વિદ્યાસહાયકો માટેના બદલીના નિયમો બહાર પાડવામાં આવેલ છે. સંદર્ભ-(૨) ના પત્રથી જિલ્લાફેર બદલી કેમ્પના આયોજન કરવા જણાવેલ છે. જે અન્વયે સામેલ યાદી મુજબના આપના જિલ્લા/નગરના શિક્ષકો/વિદ્યાસહાયકો જિલ્લાફેર બદલીથી ન.પ્રા.શિ.સ.ભાવનગરમાં આવવા માટે અરજી કરેલ હોય, જેમનો જિલ્લાફેર બદલી કેમ્પ નીચેની વિગતે રાખવામાં આવેલ છે. જેમાં આપના જિલ્લા/નગરના સામેલ યાદી મુજબના શિક્ષકો/વિદ્યાસહાયકોને હાજર રહેવા જાણ કરવા નમ્ર વિનંતી છે.

| પ્રાથમિક ૧ થી ૫ | | ઉચ્ચ પ્રાથમિક (ભાષા) | | ઉચ્ચ પ્રાથમિક (ગ.-વિ.) | | ઉચ્ચ પ્રાથમિક (સા.વિ.) | |
|---|---|---|---|---|---|---|---|
| તારીખ | ૨૭/૦૭/૨૦૨૩ | તારીખ | ૨૮/૦૭/૨૦૨૩ | તારીખ | ૨૮/૦૭/૨૦૨૩ | તારીખ | ૨૮/૦૭/૨૦૨૩ |
| સમય | ૧૦-૦૦ સવારે | સમય | ૧૦-૦૦ સવારે | સમય | ૧૨-૦૦ બપોરે | સમય | ૦૪-૦૦ બપોરે |
| સ્થળ – શાળા નં. – ૩૮, પાનવાડી, બસસ્ટેશન પાસે, ભાવનગર. | | | | | | | |

સૂચના:-

(૧) સદર કેમ્પમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવો તથા ત્યાર પછીની વખતો-વખતની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૨) આ સાથે સામેલ નિયત નમુના મુજબનું જ પ્રમાણપત્ર સબંધિત સત્તાધિકારીશ્રીના સહિ/સિક્કા સાથે રજુ કરવાનું રહેશે.

(૩) કેમ્પમાં અત્રેની ન.પ્રા.શિ.સ.ની શાળાઓની યાદી મુકવામાં આવશે, તે પૈકીની શાળાની પસંદગી કરવા માટે સ્વખર્ચે કેમ્પમાં સમયસર આઇ.ડી. પ્રુફ સાથે હાજર રહેવાનું રહેશે.

(૪) દરેક અગ્રતાના કિસ્સામાં સંદર્ભ-(૧)ના ઠરાવના પ્રકરણ-E અને તેના (૧) થી (૬) મુજબની જોગવાઇઓના આધારો અને સ્વઘોષણા પત્રો રજુ કરવાના રહેશે.

(૫) ઉકત કેમ્પમાં સમયસર હાજર ન રહેનાર કે ગેરહાજર રહેનાર કે, શાળા પસંદ ન કરનારને શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના પ્રકરણ-L(8) અનુસાર અત્રેની પ્રવરતાયાદીમાંથી રદ કરવામાં આવશે. અને ત્યાર બાદના ક્રમના ઉપસ્થિત ઉમેદવારને બદલીનો લાભ આપવામાં આવશે. પરંતુ તમામ જગ્યાઓ ભરાઇ ગયા બાદ જે ઉમેદવારો બાકી રહેશે તેઓનો હકક આગામી કેમ્પ માટે ચાલુ રાખવામાં આવશે.

(૬) ઉકત કેમ્પમાં ખાલી જગ્યાના પ્રમાણમાં વધુ ઉમેદવારોને બોલાવેલ હોય, કેમ્પમાં ઉપસ્થિત રહયે આપને બદલી માટેનો હકક પ્રસ્થાપિત થતો નથી. સ્થળ ઉપર જરૂરી આધારોની ચકાસણી બાદ જો આપ લાયક જણાશો તો જ ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવશે.

<u>નોંધ – કેમ્પના દિવસે પણ કોઇ અરજદાર દ્વારા યોગ્ય આધાર પુરાવા રજુ કરવામાં આવશે તો તેને ધ્યાને લઇ ક્રમમાં ફેરફાર થવાની શક્યતા છે. જેથી આ યાદી આખરી યાદી રહેશે નહી.</u>

(એમ.બી.બડમલીયા)
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-ભાવનગર

બિડાણ – વિભાગવાર યાદી.
નકલ સવિનય રવાના – (૧) પ્રાથમિક શિક્ષણ નિયામક સાહેબ, પ્રા.શિ.નિ. કચેરી ગાંધીનગર.
(૨) ચેરમેનશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર